NDA બેઠકમાં મોદીએ નેતાઓ સાથે ઝાલમુરીનો સ્વાદ માણ્યો

આ પરંપરાગત બંગાળી નાસ્તો બેઠક સ્થળે ખાસ સ્ટોલ પર ઉપલબ્ધ કરાવવામાં આવ્યો હતો

નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ): નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે બુધવારે યોજાયેલી NDAની 12મી વર્ષગાંઠ નિમિત્તેની બેઠક દરમિયાન પશ્ચિમ બંગાળનો લોકપ્રિય નાસ્તો ઝાલમુરી ફરી એકવાર રાજકીય ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બેઠક દરમિયાન વિવિધ NDA નેતાઓ સાથે ઝાલમુરીનો સ્વાદ માણ્યો હતો, જેની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યા હતા.

મોદીએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક વીડિયો શેર કર્યો હતો, જેમાં પશ્ચિમ બંગાળના ભાજપ નેતા અને વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારી તેમને ઝાલમુરી પીરસતા જોવા મળે છે. મમરા, શાકભાજી, મસાલા અને સરસવના તેલથી તૈયાર થતો આ પરંપરાગત બંગાળી નાસ્તો બેઠક સ્થળે ખાસ સ્ટોલ પર ઉપલબ્ધ કરાવવામાં આવ્યો હતો.

વિડિયોમાં ભાજપ અધ્યક્ષ નીતિન નવીન, કેન્દ્રીય મંત્રી એચ.ડી. કુમારસ્વામી, ચિરાગ પાસવાન, રાષ્ટ્રીય લોક મોરચાના પ્રમુખ ઉપેન્દ્ર કુશવાહા, ઉત્તર પ્રદેશના મંત્રી સંજય નિષાદ અને બોડોલેન્ડ પીપલ્સ ફ્રન્ટના નેતા હાગ્રામા મોહિલારી સહિતના નેતાઓ પણ હાજર જોવા મળે છે. ઝાલમુરી સ્વીકાર્યા બાદ મોદીએ અન્ય નેતાઓને પણ તેનો સ્વાદ ચખાડ્યો હતો.ઉલ્લેખનીય છે કે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી દરમિયાન 19 એપ્રિલે ઝારગ્રામમાં પ્રચાર દરમિયાન મોદીએ અચાનક એક ઝાલમુરીની દુકાને રોકાઈને આ નાસ્તો કર્યો હતો. તે સમયે આ ઘટનાએ રાજકીય ચર્ચા જગાવી હતી અને તત્કાલીન મુખ્યમંત્રી મમતા બેનર્જીએ તેની ટીકા પણ કરી હતી. બાદમાં મોદીએ પણ તેના પર રમૂજી પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે તેમને ઝાલમુરી ગમે છે, પરંતુ TMCને તેની 'ઝાલ' એટલે કે ગરમી અનુભવાઈ રહી છે.

પીઓકેમાં સૈન્ય હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત

ટેક-ઓફ દરમિયાન ટેકનિકલ ખામી સર્જાઈ તમામ સવાર સૈનિકોનાં મોત

ઈસ્લામાબાદ, તા. 10 (પીટીઆઈ): પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK)ના મુઝફ્ફરાબાદ નજીક બુધવારે પાકિસ્તાન આર્મી એવિએશનનું Mi-17 હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થતાં તેમાં સવાર તમામ સૈનિકોનાં મોત થયાં હોવાનું પાકિસ્તાની સેનાએ જણાવ્યું છે.

સેનાની મીડિયા શાખા ઈન્ટર-સર્વિસિસ પબ્લિક રિલેશન્સ (ISPR)એ જણાવ્યું કે આ દુર્ઘટનામાં કોઈ પણ વ્યક્તિ બચી શકી નથી. જોકે, મૃત્યુ પામેલા જવાનોની ચોક્કસ સંખ્યા જાહેર કરવામાં આવી નથી.

ISPRના જણાવ્યા અનુસાર હેલિકોપ્ટર ટેક-ઓફ દરમિયાન ટેકનિકલ ખામી સર્જાતા દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. અકસ્માતની જાણ થતાં જ બચાવ અને રાહત ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દુર્ઘટનાના ચોક્કસ કારણોની તપાસ માટે સત્તાવાર તપાસ સમિતિની રચના કરવામાં આવી છે.

આ અકસ્માત અંગે પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારી, વડા પ્રધાન શહબાઝ શરીફ અને નેશનલ એસેમ્બલીના સ્પીકર સરદાર અયાઝ સાદિકે ઊંડો શોક વ્યક્ત કર્યો હતો.

ચાકુ હુમલા બાદ બેલફાસ્ટમાં ઈમિગ્રેશન વિરોધી હિંસક દેખાવો

યુકેમાં છેલ્લા કેટલાક સમયથી ઇમિગ્રેશનનો મુદ્દો રાજકીય રીતે અત્યંત સંવેદનશીલ બન્યો છે

બેલફાસ્ટ, તા. 10: ઉત્તર આયર્લેન્ડની રાજધાની બેલફાસ્ટમાં ચાકુ હુમલાની ઘટના બાદ ઈમિગ્રેશન વિરોધી દેખાવો હિંસક બન્યા હતા. મંગળવારે સાંજે સેંકડો પ્રદર્શનકારીઓ, જેમાંથી ઘણા લોકોએ ચહેરા ઢાંક્યા હતા, શહેરના વિવિધ વિસ્તારોમાં એકત્ર થયા હતા. દરમિયાન એક બસ અને અનેક કારોને આગ ચાંપી દેવામાં આવી હતી, જ્યારે શહેરના કેન્દ્ર નજીક આવેલી એક ઈમારતમાં પણ આગ લાગી હતી, જેના કારણે રહેવાસીઓને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પોલીસ હેલિકોપ્ટર દ્વારા શહેર પર સતત નજર રાખવામાં આવી હતી અને અનેક દુકાનો સમય પહેલાં બંધ કરી દેવામાં આવી હતી. બ્રિટેનના વડા પ્રધાન કીર સ્ટાર્મરે સોમવારે રાત્રે ઉત્તર બેલફાસ્ટમાં થયેલા ચાકુ હુમલાને 'આઘાતજનક' ગણાવ્યો હતો.

યુકેમાં છેલ્લા કેટલાક સમયથી ઈમિગ્રેશનનો મુદ્દો રાજકીય રીતે અત્યંત સંવેદનશીલ બન્યો છે. આશ્રય નીતિના કારણે જોખમી તત્ત્વો દેશમાં પ્રવેશી રહ્યા હોવાના આરોપો સાથે વિવિધ સ્થળોએ વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. ગયા વર્ષે પણ ઉત્તર આયર્લેન્ડમાં કથિત જાતીય શોષણની ઘટનાને લઈને ઈમિગ્રેશન વિરોધી રમખાણો થયા હતા.

ઉત્તર આયર્લેન્ડના રાજકીય નેતાઓ અને પોલીસ વડાએ લોકોને કોઈ ચોક્કસ સમુદાયને નિશાન ન બનાવવા તેમજ દ્વેષ અને ભય ફેલાવવાથી દૂર રહેવાની અપીલ કરી છે.

મોદી પર વિશ્વભરના નેતાઓની અભિનંદન વર્ષા

રશિયાએ પીએમ મોદીને ગણાવ્યા 'ડોયેન'

જર્મની, કેનેડા, યુરોપિયન કમિશનના પ્રમુખ, ઈટાલીના પીએમ મેલોની, શ્રીલંકા, ઓસ્ટ્રેલિયા વિગેરે દેશોના નેતાઓએ અભિનંદન પાઠવ્યા

બ્રસેલ્સ-રોમ, તા. 10 (પીટીઆઈ): વડા પ્રધાન નરેન્દ્ર મોદી ભારતના સૌથી લાંબો સમય સતત સેવા આપનાર ચૂંટાયેલા વડા પ્રધાન બનતા યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન, ઈટાલિયન પીએમ જ્યોર્જિયા મેલોની અને માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુ સહિત વિશ્વના અનેક નેતાઓએ તેમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે.

રશિયાએ પીએમ મોદીને ભારતના તમામ વડા પ્રધાનોમાં સૌથી લાંબો કાર્યકાળ ધરાવતા નેતા તરીકે 'ડોયેન ઓફ ઓલ ઈન્ડિયન પ્રાઈમ મિનિસ્ટર્સ' ગણાવ્યા હતા. રશિયાએ આશા વ્યક્ત કરી હતી કે મોદી ભારત-રશિયા વચ્ચેના વેપાર, આર્થિક અને વ્યૂહાત્મક સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે ભવિષ્યમાં પણ યોગદાન આપતા રહેશે.

જર્મનીના ચાન્સેલર ફ્રિડરિખ મર્ઝે ભારત-જર્મની વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ જણાવ્યું હતું કે કેનેડા અને ભારત ફરીથી ભાગીદારીને નવી દિશા આપી રહ્યા છે.

યુરોપિયન કમિશનના પ્રમુખે મોદીના નેતૃત્વના વખાણ કરતા કહ્યું કે, ભારત હવે ચંદ્ર પર પહોંચવાની સાથે તારા સુધી પહોંચવાના લક્ષ્યો રાખી રહ્યું છે.

ઈટાલિયન પીએમ મેલોનીએ ભારત અને ઈટાલી વચ્ચેની ખાસ વ્યૂહાત્મક ભાગીદારીને યાદ કરતા અભિનંદન પાઠવ્યા હતા. માલદીવના રાષ્ટ્રપતિ મુઈઝુ અને મલેશિયાના પીએમ અનવર ઈબ્રાહિમે પણ મોદીના સમર્પિત જાહેર સેવાના વર્ષો અને વૈશ્વિક મંચ પર ભારતના વધતા કદની પ્રશંસા કરી હતી.

ટ્રમ્પે મોદીને અભિનંદન પાઠવ્યા

વોશિંગ્ટન, તા. 10 (પીટીઆઈ): અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ભારતના સૌથી લાંબા સમય સુધી સતત સેવા આપનારા ચૂંટાયેલા વડા પ્રધાન બનવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરીને લખ્યું હતું કે, "મારા મિત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભારતના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા વડાપ્રધાન બનવા બદલ અભિનંદન. તેઓ એક મહાન વડા પ્રધાન છે." ટ્રમ્પે વધુમાં કહ્યું કે મોદી મજબૂત, સ્વસ્થ અને બુદ્ધિશાળી નેતા છે અને તેમના જીવનમાં હજુ અનેક વર્ષો સુધી સફળતા તથા મહાન સિદ્ધિઓ પ્રાપ્ત કરવાની ક્ષમતા છે. તેમણે કહ્યું હતું કે મોદીના નેતૃત્વ હેઠળ ભારતે વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે.

ફ્રાન્સમાં G-7 સમિટ દરમિયાન મોદી-ટ્રમ્પ મુલાકાતની શક્યતા

15થી 17 જૂન દરમિયાન યોજાનારા આ શિખર સંમેલન દરમિયાન ભારત અને અમેરિકા બંને ટૂંકી દ્વિપક્ષીય બેઠકની શક્યતાઓ તપાસી રહ્યા છે

નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ): ભારત અને અમેરિકા આગામી સપ્તાહે ફ્રાન્સમાં યોજાનારી G-7 સમિટ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે મુલાકાત યોજાય તે અંગે સંભાવનાઓ પર વિચાર કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. જોકે બંને નેતાઓના વ્યસ્ત શેડ્યુલ સહિતના વિવિધ પરિબળોને કારણે મુલાકાત અંગે હજુ કોઈ અંતિમ નિર્ણય લેવાયો નથી. વિદેશ મંત્રાલય અગાઉ જ જાહેરાત કરી ચૂક્યું છે કે વડા પ્રધાન મોદી શનિવારથી ફ્રાન્સ અને સ્લોવાકિયાની એક સપ્તાહીય મુલાકાતે જશે. ફ્રાન્સના એવિયાન શહેરમાં 15થી 17 જૂન દરમિયાન G-7 સમિટ યોજાવાની છે. સૂત્રોના જણાવ્યા મુજબ નવી દિલ્હી અને વોશિંગ્ટન બંને ટૂંકી દ્વિપક્ષીય બેઠકની શક્યતાઓ તપાસી રહ્યા છે.

ગત મહિને અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોની ભારત મુલાકાત બાદ બંને દેશો દ્વિપક્ષીય સંબંધોને ફરી મજબૂત બનાવવાના પ્રયાસોમાં લાગ્યા છે. અમેરિકા દ્વારા ભારત પર વધારાના શુલ્ક લાદવામાં આવ્યા હતા અને ટ્રમ્પે ભારત-પાકિસ્તાન સૈન્ય તણાવ ઘટાડવામાં પોતાની ભૂમિકા અંગે કરેલા નિવેદનો બાદ બંને દેશોના સંબંધોમાં તણાવ જોવા મળ્યો હતો. મોદી 14 જૂને ફ્રાન્સના નીસ શહેરમાં પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોં સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. ત્યારબાદ તેઓ સ્લોવાકિયાની મુલાકાત લેશે અને પછી ફરી ફ્રાન્સ પરત ફરશે જ્યાં તેઓ G-7 સમિટના આઉટરીચ સત્રોમાં ભાગ લેશે. સમિટ દરમિયાન તેઓ G-7 દેશોના નેતાઓ તેમજ આમંત્રિત ભાગીદાર દેશોના પ્રતિનિધિઓ સાથે વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરશે. ઉપરાંત અનેક વિશ્વ નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો પણ યોજાય તેવી શક્યતા છે.

પેજ 3

દિગ્ગજ ફિલ્મ-નિર્માતા ભારતીરાજાનું નિધન

ચેન્નાઈ, તા. ૧૦ (પીટીઆઈ) અનુભવી દિગ્દર્શક, નિર્માતા અને પટકથા લેખક પી. ભારતીરાજાનું બુધવારે અહીં ઉંમર સંબંધિત બીમારીઓના કારણે નિધન થયું હતું, તેઓ પોતાની પાછળ ફિલ્મ નિર્માણનો એક સમૃદ્ધ વારસો છોડી ગયા છે જેણે તમિલ સિનેમામાં સ્ટુડિયો-થી-ગામડા તરફનું પરિવર્તન જોયું હતું. કૌટુંબિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ૮૪ વર્ષીય પદ્મશ્રી પુરસ્કાર વિજેતાનું લાંબા સમયથી ઉંમર સંબંધિત બીમારીઓ સામે ઝઝૂમ્યા બાદ તેમના શહેર સ્થિત નિવાસે નિધન થયું હતું. ભારતીરાજાના પરિવારમાં પત્ની ચંદ્રલીલા અને પુત્રી જનની છે. મુખ્યમંત્રી સી. જોસેફ વિજય, જેઓ ખુદ તમિલ ફિલ્મોના ટોચના સ્ટાર છે, અનુભવી કલાકારો રજનીકાંત અને કમલ હાસન, જે બંનેએ ભારતીરાજાની બ્લોકબસ્ટર પ્રથમ ફિલ્મ '૧૬ વયથિનીલે' સહિતની ફિલ્મોમાં તેમની સાથે કામ કર્યું છે અને ડીએમકે પ્રમુખ એમ. કે. સ્ટાલિન સહિત અસંખ્ય હસ્તીઓ અને રાજકીય નેતાઓએ દિગ્દર્શકના નિવાસ્થાને જઈને તેમને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

પાન મસાલાની જાહેરાત બદલ શાહરૂખ, અજય દેવગન અને ટાઇગર શ્રોફને કોર્ટની નોટિસ

મુંબઈ, તા. 10 બોલિવૂડના પ્રખ્યાત અભિનેતા શાહરૂખ ખાન, અજય દેવગન અને ટાઇગર શ્રોફ આ સમયે મુશ્કેલીઓનો સામનો કરી શકે છે. હકીકતમાં રાજસ્થાનની બારાં જિલ્લા ઉપભોક્તા કોર્ટ ગુટખા અને પાન મસાલાની જાહેરાતોને લઈને વિમલ પાન મસાલાના માલિક વિમલ અગ્રવાલ ઉપરાંત બોલિવૂડના અભિનેતા શાહરૂખ ખાન, અજય દેવગન અને ટાઇગર શ્રોફને નોટિસ ફટકારી છે.

'કોંગ્રેસની નીતિગત નિષ્ફળતાઓનું કલંક હિંદુ સમાજ પર થોપવામાં આવ્યું: મોદી

ધીમા આર્થિક વિકાસને ચાતુરાઈપૂર્વક 'હિંદુ ગ્રોથ રેટ' નામ આપવામાં આવ્યું હતું, જ્યારે વાસ્તવમાં તેને 'કોંગ્રેસ ગ્રોથ રેટ' કહેવું જોઈતું હતું

નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતાં કહ્યું હતું કે તેના શાસનકાળ દરમિયાન દેશના ધીમા આર્થિક વિકાસને ચાતુરાઈપૂર્વક 'હિંદુ ગ્રોથ રેટ' નામ આપવામાં આવ્યું હતું, જ્યારે વાસ્તવમાં તેને 'કોંગ્રેસ ગ્રોથ રેટ' કહેવું જોઈતું હતું. તેમણે કહ્યું કે વિકાસની ધીમી ગતિ, નીતિગત નિષ્ફળતા અને નિર્ણયક્ષમતાના અભાવ માટે કોંગ્રેસ જવાબદાર હતી, પરંતુ તેનું કલંક સમગ્ર હિંદુ સમાજ પર થોપવામાં આવ્યું હતું.

ભારતના સૌથી લાંબા સમય સુધી સતત સેવા આપનારા ચૂંટાયેલા વડા પ્રધાન બન્યા બાદ યોજાયેલા એનડીએ સંમેલનમાં મોદીએ કહ્યું કે 2014થી NDA સરકારના 12 વર્ષનું સૌથી મોટું યોગદાન દેશને કોંગ્રેસના "દુષ્ટ ચક્ર"માંથી મુક્ત કરવાનું રહ્યું છે. કોંગ્રેસના શાસનમાં દેશમાં લાચારી, ગરીબી અને હીનભાવનાનું વાતાવરણ સર્જાયું હતું અને લોકોને એવું માનવા માટે તૈયાર કરવામાં આવ્યા હતા કે ભારતમાં ઝડપી વિકાસ શક્ય નથી.

ટીએમસીના બળવાખોર સાંસદોમાં યુસુફ પઠાણ અને શત્રુઘ્ન સિંહા પણ

બળવાખોર સાંસદોએ હાલ ટીએમસીમાંથી રાજીનામું આપવાનું કે ભાજપમાં જોડાવાનું ટાળ્યું છે

આ સાંસદો અલગ સંસદીય જૂથ તરીકે એનડીએને સમર્થન આપવાની તૈયારીમાં

નવી દિલ્હી, તા. 10: તૃણમૂલ કોંગ્રેસ (TMC)માં આંતરિક રાજકીય સંકટ વધુ ઘેરું બન્યું હોવાનું સામે આવ્યું છે. પાર્ટીના જાણીતા સાંસદો યૂસુફ પઠાણ, સાયોની ઘોષ અને શત્રુઘ્ન સિંહા સહિત કુલ 19 સાંસદોએ બળવાખોરોની યાદી પર હસ્તાક્ષર કર્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. આ ઘટનાને કારણે મમતા બેનર્જીના નેતૃત્વ સામે પાર્ટીની સ્થાપના પછીનો સૌથી મોટો પડકાર ઊભો થયો હોવાનું માનવામાં આવે છે. લોકસભામાં ટીએમસીના કુલ 28 સાંસદો છે, જોકે બસીરહાટના સાંસદ હાજી નુરુલ ઈસ્લામના અવસાન બાદ એક બેઠક ખાલી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બળવાખોરી બાદ લોકસભામાં મમતા બેનર્જીને મળતું અસરકારક સમર્થન ઘટીને માત્ર 9 સાંસદો સુધી સીમિત રહી ગયું છે.

બળવાખોર સાંસદોએ હાલ ટીએમસીમાંથી રાજીનામું આપવાનું કે ભાજપમાં જોડાવાનું ટાળ્યું છે. તેના બદલે તેઓ અલગ સંસદીય જૂથ તરીકે કાર્ય કરીને એનડીએને સમર્થન આપવાની તૈયારીમાં હોવાનું કહેવાય છે. આ પગલું પક્ષપલટા વિરોધી કાયદા હેઠળની કાર્યવાહીથી બચવા માટે લેવામાં આવ્યું હોવાનું માનવામાં આવે છે. બળવાખોરોએ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને કાકોલી ઘોષ દસ્તીદારના નેતૃત્વમાં અલગ સંસદીય જૂથ રચવાની જાણ પણ કરી છે.

પાકિસ્તાનના હવાઈ હુમલામાં અફઘાનિસ્તાનમાં 26નાં મોત

મૃતકોમાં 11 બાળકો, એક મહિલા અને એક વૃદ્ધનો સમાવેશ

તાજેતરમાં પાકિસ્તાનમાં થયેલા આતંકવાદી હુમલાઓના પગલે આ કાર્યવાહી કરવામાં આવી હતી

કાબુલ, તા. 10 (એપી): અફઘાનિસ્તાનના તાલિબાન પ્રશાસને બુધવારે આરોપ લગાવ્યો કે પાકિસ્તાને દેશના ખોસ્ટ, કુનર અને પક્તિકા પ્રાંતોમાં નવા હવાઈ હુમલા કર્યા, જેમાં ઓછામાં ઓછા 26 લોકોનાં મોત થયાં અને 14 લોકો ઘાયલ થયા છે. પાકિસ્તાને સત્તાવાર રીતે સ્વીકાર્યું કે તેણે અફઘાનિસ્તાનમાં કથિત આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવી રાત્રે 'ચોકસાઈપૂર્વક અને માપેલા' હવાઈ હુમલા કર્યા હતા, જેમાં 26 લોકો માર્યા ગયા હતા.

પાકિસ્તાનના માહિતી પ્રધાન અત્તાઉલ્લાહ તરારે જણાવ્યું કે તાજેતરમાં પાકિસ્તાનમાં થયેલા આતંકવાદી હુમલાઓના પગલે પાક-અફઘાન સરહદી વિસ્તારોમાં તેહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP)ના ઠેકાણાઓ પર કાર્યવાહી કરવામાં આવી હતી. તરારે દાવો કર્યો કે વિશ્વસનીય ગુપ્તચર માહિતીના આધારે 4 મહત્વના લક્ષ્યોને સંપૂર્ણપણે નષ્ટ કરવામાં આવ્યા હતા. તેમાં તાલીમ કેન્દ્ર, છુપાવાનું ઠેકાણું, હથિયારોનો ભંડાર તેમજ TTP કમાન્ડર અલીમ ખાન ખુશાલી અને કમાન્ડર અખ્તર મહંમદ જાની ખેલ સાથે સંકળાયેલા કેન્દ્રનો સમાવેશ થાય છે. તાલિબાનના મુખ્ય પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે જણાવ્યું કે મૃતકોમાં 11 બાળકો, એક મહિલા અને એક વૃદ્ધ પુરુષનો સમાવેશ થાય છે.

અમેરિકન સૈનિકોના બચાવમાં ઉપયોગમાં આવેલી ડ્રોન બોટનો ભારત સાથે સંબંધ

ડ્રોન બોટની કંપનીના સહ-સ્થાપકોમાં ભારતીય મૂળના અમેરિકન એન્જિનિયર વિભાવ અલ્તેકરનો પણ સમાવેશ થાય છે

વિભાવ અલ્તેકર સ્વચાલિત સિસ્ટમો, મશીન લર્નિંગ અને સમુદ્રી ટેક્નોલોજીના ક્ષેત્રમાં નિષ્ણાત છે

વોશિંગ્ટન, તા. 10 (પીટીઆઈ): અમેરિકન સેનાના અપાચે હેલિકોપ્ટર હોર્મુઝની ખાડી નજીક દુર્ઘટનાગ્રસ્ત થતાં તેના બે ક્રૂ સભ્યોને સફળતાપૂર્વક બચાવવામાં આવ્યા હતા. આ બચાવ કામગીરી માટે 'કોર્સેર' નામની સ્વચાલિત ડ્રોન બોટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેને ટેક્સાસ સ્થિત સેરોનિક ટેક્નોલોજીઝ કંપનીએ વિકસાવી છે. આ કંપનીના સહ-સ્થાપકોમાં ભારતીય મૂળના અમેરિકન એન્જિનિયર વિભાવ અલ્તેકરનો પણ સમાવેશ થાય છે.

અમેરિકી સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, અમેરિકન સશસ્ત્ર દળો દ્વારા સ્વચાલિત સપાટી જહાજ મારફતે હાથ ધરાયેલી આ પ્રથમ બચાવ કામગીરી હતી. માનવ ઓપરેટર દ્વારા દૂરથી સંચાલિત આ ડ્રોન બોટ સમુદ્રમાં જોખમી પરિસ્થિતિઓમાં કામગીરી માટે તૈયાર કરવામાં આવી છે.

24 ફૂટ લાંબી કોર્સેર ડીઝલ ઈંધણથી સંચાલિત છે અને 35 નોટ્સ સુધીની ઝડપે દોડી શકે છે. તે 1,000 પાઉન્ડ સુધીનો ભાર વહન કરી શકે છે તેમજ 1,000 કરતાં વધુ નોટિકલ માઈલનું અંતર કાપવાની ક્ષમતા ધરાવે છે.

બૅંક ઑફ બડૌદા Bank of Baroda

ઝાંપા બજાર શાખા : જુના મહિધરપુરા પોલીસ સ્ટેશન સામે, ટાવર રોડ, સુરત–૩૯૫૦૦૩ (ગુજરાત) ભારત. ફોન : ૦૨૬૧–૨૪૨૩૩૦૩, ૨૪૩૮૪૨ email : zampab@bankofbaroda.com

સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ–સેકશન (૨) હેઠળ દેવાદારને નોટિસ

પ્રતિ, **૧. શ્રીમતી ગીતાબેન કાંજીભાઈ ભારોડિયા (દેવાદાર)**
૨. શ્રી અમીત કાંજીભાઈ ભારોડિયા (સહદેવાદાર)
ફ્લેટ નં. ૪૦૪, બિલ્ડીંગ નં. બી, સગુન હાઈટ્સ રીવર વ્યુ હાઈટ્સ નજીક, પેદર રોડ, મુ.મોટા વરાછા, સુરત– ૩૯૪૧૦૧.

મહેરબાનશ્રી,
વિષય : અમારી ઝાંપા બજાર શાખા માંથી મેળવેલ ક્રેડીટ સુવિધા.
૧) અમારા **તા.૧૯.૦૩.૨૦૨૩** ના રોજના પત્ર માં જણાવ્યા મુજબ હોમ લોન ની બાકી અંગે ના સંદર્ભમાં તમારી ક્રેડીટ સુવિધાઓની મંજૂરી અને મંજૂરીની શરતો જણાવતા ઉપરોકત મંજૂરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી સીકયુરીટી પુરી પાડીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/ક્રેડીટ સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

સુવિધાનો પ્રકાર	લીમીટ	હાલનો વ્યાજનો દર	૨૪.૦૫.૨૦૨૬ ના રોજની બાકી	કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત
ટર્મ લોન ખાતા નં. ૧૧૧૦૦૬ ૦૦૦૦ ૩૭૫૪	રૂા.૩૭.૫૦ લાખ	વાર્ષિક ૮.૫૫% + ૨% (પેનલ વ્યાજ)	રૂા.૩૬,૩૯,૯૭૪.૨૧ મુળ રકમ + લાગુ પડિ કરેલ વ્યાજ રૂા.૧૨,૮૮.૦૮+ અનસવર્ડ વ્યાજ રૂા.૭૭,૧૩૧.૦૦ + ચકવૃદ્ધિ વ્યાજ રૂા.૫૧૩.૦૦ = રૂા.૩૭,૩૦,૪૪૬.૨૯ વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ	ઈકવીટેબ મોર્ગેજ કરેલ સગુન હાઈટ્સ, બિલ્ડીંગ નં.'બી' નો ફ્લેટ નં.૪૦૪,રિવર વ્યુ હાઈટ્સ નજીક, પેદર રોડ, મુ.મોટા વરાછા, સુરત ખાતે ઈન્ડ્રૂમેન્ટ ડિપોઝીટ ટાઈટલ ડિડ તા. ૨૭.૦૬.૨૦૨૩ માં નોધ નં.૨૪૦૬૬ સબ રજીસ્ટ્રાર કાતારગામ, જી.સુરત માં થયેલ છે.
કુલ	રૂા.૩૭.૫૦ લાખ		રૂા.૩૭,૩૦,૪૪૬.૨૯ વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ	

મિલકતની વિગત : ઈકવીટેબલ મોર્ગેજ કરેલ રહેણાંકની 'સગુન હાઈટ્સ નામ ની બિલ્ડીંગ નં.'બી' ના ૪થા માળનો ફ્લેટ નં.૪૦૪ બિલ્ટઅપ એરિયા માપ ૬૪.૯૧ ચો.મી. રેરા કારપેટ એરિયા ૫૮.૭૭ ચો.મી અને વોશ એરિયા ૨.૭૨ ચો.મી,ના વણવહેચાયેલ હિસ્સા માપ ૨૪.૧૬ ચો.મી જે આ બિલ્ડીંગ ના બાંધકામ માટે ની જમીન સબ–પ્લોટ નં.૧ માપ ૫૪૧૨.૦૦ ચો.મી, ફાઈનલ પ્લોટ નં.૧૫(ટી.આર મુજબ) માપ ૧૪૯૯૯.૦૦ ચો.મી, ટી.પી.સ્કીમ નં.૧૮(મોટા વરાછા), બ્લોક નં.૧૪, રેવન્યુ સર્વે નં.૧૫, ગામ.મોટા વરાછા, તા. અડાજણ(સુરત સીટી), જી. સુરત ખાતે આવેલ છે જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** સબ પ્લોટ નં.૨,૩ અને ૪, **પશ્ચિમ તરફ :** એફ.પી નં. ૧૪ અને આર–૧૯, **ઉત્તર તરફ :** આર–૧૯, **દક્ષિણ તરફ :** ૨૪ મીટર ટી.પી.રોડ..

૨. **તા.૧૯.૦૩.૨૦૨૩** ના રોજ ના લોન કરારના દસ્તાવેજોના આધારે બેંકની રકમ **રૂા.૩૭.૫૦ લાખ** ની જવાબદારી સ્વીકારી છે.

૩. તમે જાણો છો કે તમે **જુન–૨૦૨૬** માં પૂરા થયેલ ત્રિમાસિક ગાળામાં ઉપરોકત લોન / બાકી રકમના વ્યાજની ચુકવણી કરવામાં કસુર કરેલ છે. તમે **તા.૧૦.૦૨.૨૦૨૬** ના રોજ અને ત્યાર બાદ ચુકવણીની મુદતે પણ લોન / બાકી હપ્તાની ચુકવણીમાં કસુર કરેલ છે.

૪. તમે કરેલ કસુર બદલ તમારો ટર્મ લોન એકાઉન્ટ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ **તા.૧૧.૦૫.૨૦૨૬** ના રોજ નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વારંવાર વિનંતી કરી છતાં તમે તમારી મૂળ રકમ અને તેના પરના વ્યાજ ચુકવ્યા નથી.

૫. લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા–૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી સીસી/ટર્મ લોન ખાતામાં બેંક પ્રત્યેની **રૂા.૩૭,૩૦,૪૪૬.૨૯ (રૂા.સાડત્રીસ લાખ ત્રીસ હજાર ચારસો છેતાલીસ અને ઓગણત્રીસ પૈસા પુરા) વત્તા વધારાનું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** આ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તારીખ સુધીની તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એકટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે.

૬. કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા–૧ માં જણાવ